# ઉત્તર ગુજરાતમાં હજુ બે દિવસ બાદ વરસાદના એંધાણ

## વરસાદી માહોલ પણ વરસાદ ન વરસતાં ચિંતા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫
ઉત્તર ગુજરાતમાં છેલ્લા ૪ દિવસથી વરસાદી માહોલ છવાયો છે પરંતુ મનમૂકીને વરસાદ વરસતો ન હોવાથી ખેડૂતોમાં ચિંતા પેઠી છે. કેટલાક જિલ્લાઓમાં માત્ર ઝરમરીયો વરસાદ વરસી રહ્યો છે જેના કારણે ભારે વરસાદની આતૂરતાપૂર્વક રાહ જોવાય છે જેમાં આગામી બે દિવસ પછી વરસાદના એંધાણની હવામાન વિભાગે આગાહી કરી છે. હાલમાં કોઈ વરસાદી સીસ્ટમ સક્રીય ન હોવાના કારણે ભારે વરસાદ માટે પ્રજા અને ખેડૂતોએ રાહ જોવી રહી.

ચોમાસુ શરૂઆતથી ઢચુપચુ લાગી રહ્યું છે. સમગ્ર વરસાદી સીસ્ટમને તાઉતે વાવાઝોડાએ અસર કરી હોય તેમ અષાઢ મહિનામાં ધોધમાર વરસાદની ઘટ રહી છે. આકાશમાં કાળાં ડીબાંગ વાદળો ઘેરાય છે પરંતુ માત્ર ઝરમરીયો વરસાદ વરસી રહ્યો છે. પ્રજા અને ખેડૂતો ભારે વરસાદની આશા રાખીને બેઠા હોવાથી સ્વભાવિક જ ધોધમાર વરસાદ ક્યારે આવશે..?? તે પૂછતા હોય છે પરંતુ હમણાં ૨ દિવસ સુધી વરસાદનાં કોઈ એંધાણ ન હોવાની આગાહી છે. ઉત્તર ગુજરાતમાં માત્ર છૂટાછવાયા વરસાદની આશા બંધાણી છે. આકાશમાં ભલે વરસાદી સીસ્ટમ સક્રીય હોવાના ચિન્હો જણાતા હોય પરંતુ માત્ર ઝરમરીયા વરસાદથી સંતોષ કરવો રહ્યો. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં વર્તમાન સીઝનમાં માંડ ૪૦ ટકા વરસાદ વરસ્યો છે અને વરસાદની ખેંચ સ્પષ્ટ જોવા મળી રહી છે. આગામી ૨ દિવસ પછી વાતાવરણમાં પલ્ટો આવ્યા બાદ જ ભારે વરસાદ વરસી શકે છે.

# અરવલ્લીનું શિક્ષણ શર્મસાર : શિક્ષક ભરતીમાં પૈસા માંગનાર સંસ્થા સામે તપાસનો ગાળીયો મજબૂત

## બે સભ્યોની તપાસ કમીટી શાળામાં પહોંચી, પરત ફરી, કચેરી ઉવાચ : કાર્યવાહી થાય તે જોતા રહો..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫
અરવલ્લીના માલપુર તાલુકાની ગ્રામ્ય શાળામાં શિક્ષકની સીધી ભરતીમાં ઉમેદવારો પાસે રૂા.૫ લાખ માગ્યાની ફરતી થયેલી ઓડીયો ક્લીપે અરવલ્લીના શિક્ષણને શર્મસાર કર્યું છે. શિક્ષક ભરતીમાં પૈસા માંગનાર સંસ્થાના પ્રમુખ, મંત્રી અને શાળાના આચાર્ય સામે તપાસનો ગાળીયો મજબૂત કરી અરવલ્લી ડી.ઈ.ઓ. કચેરીએ ૨ સભ્યોની તપાસ કમીટી શાળામાં મોકલી હતી. કચેરી દ્વારા જે કાર્યવાહી થાય તે જોતા રહો..તેવું સૂચક રીતે જણાવ્યું છે.

શિક્ષણમાં ભ્રષ્ટાચાર અને આક્ષેપ-પ્રતિઆક્ષેપ હવે બૃહદ સાબરકાંઠા જિલ્લા માટે કોઈ નવી બાબત નથી. વર્ષ-૨૦૧૩-૧૪ માં જિલ્લાની ૫ શાળાઓમાં ૪૩ કર્મચારીઓની બોગસ ભરતી અને આ તમામ કર્મચારીઓને પગાર ઉપરાંત તેમના એરિયર્સ સહિત રૂા.૨.૧૨ કરોડની રકમ ચૂકવવામાં આવી તેમ છતાં કમિશનર શાળાઓની કચેરી અને શિક્ષણ વિભાગ અંધારામાં રહ્યો હતો. બોગસ ભરતી પ્રકરણમાં નિવૃત્ત અને જે તે સમયના તત્કાલિન ડી.ઈ.ઓ.એ મહિનાઓ સુધી જેલની હવા ખાધી હતી અને પછી આ મામલો સમેટાઈ ગયો. વર્ષ-૨૦૧૩-૧૪માં શાળાઓ પાસે કે સંચાલક મંડળ પાસે ભરતીના અધિકાર ન હતા છતાં ભરતી કેવી રીતે થઈ..?? તે જોવાની તસ્દી પણ શિક્ષણ વિભાગે લીધી ન હતી એનો મતલબ એ થયો કે સાબરકાંઠા ડી.ઈ.ઓ. કચેરીથી કમિશનર શાળાઓની કચેરી સુધી ભ્રષ્ટાચારની ગંગોત્રી અવિરત વહેતી આવી છે. તાજેતરમાં શાળાઓમાં ખાલી શિક્ષકોની જગ્યા ઉપર ટાટ પાસ મેરીટવાળા ઉમેદવારોની ભરતી કરવામાં આવી જેમાં માલપુર તાલુકાની અંતરીયાળ શાળાએ મહિલા ઉમેદવાર પાસે પૈસા માગ્યા અને તેની ઓડીયો ક્લીપ જાણે કે અગાઉથી જ વાયરલ કરવાની હોય તે ઉદ્દેશ્યથી બનાવવામાં આવી અને વાયરલ કરવામાં આવી અને પછી જિલ્લામાં ધમસાણ મચી ગયું. પૈસા માંગવાનો મામલો ગંભીર હોવાથી તાબડતોબ જિલ્લા શિક્ષણાધિકારીએ તપાસ સમિતિ રચી હતી અને અહેવાલ માંગ્યો છે. જો કે અહેવાલમાં કોથળામાંથી બિલાડું તો નહીં નિકળે ને..?? તેવી આશંકા પણ પ્રવર્તિ રહી છે. મહિલા ઉમેદવારે પૈસા માંગનારાઓને ખુલ્લા પડ્યા તે હિંમતને બિરદાવવી જોઈએ પરંતુ હવે મહિલા ઉમેદવારને આ સંસ્થામાં વર્ષો સુધી નોકરી કરવાની છે ત્યારે તેમની મુશ્કેલીઓ વધશે કે ઘટશે..?? તે કહેવું અત્યારે ઉતાવળીયું છે.

### કસૂરવાર પછી પણ સાબિત કરવું મુશ્કેલ

બાયડ : જાણકાર સૂત્રો જણાવે છે કે ઓડીયો ક્લિપના આધારે પૈસા માંગ્યા હતા તે બાબત કાગળ ઉપર પૂરવાર કરવી ઘણી અઘરી છે અને આ માટે કાનૂની પ્રક્રીયા હાથ ધરાય તો પણ વર્ષો નિકળી જાય. મંડળે આચાર્યના માધ્યમથી પૈસા માગ્યા હોય તો કર્મચારી ચીઠ્ઠીનો ચાકર હોય છે તે ઉક્તિ અનુસાર આચાર્યને દોષિત ગણાય ખરા..?? જ્યારે ડી.ઈ.ઓ. કચેરીમાં પણ વહીવટ કરવાની વાત છે. તેમાં ખરેખર કેટલું સત્ય છે કે પછી કર્મચારીઓને આવા કોઈ અનુભવ થયા છે તે પણ ઉંડાણપૂર્વક વિચારવું જરૂરી છે.

**તત્કાલિન આરોગ્ય અધિકારીએ બનાસકાંઠામાં કૌભાંડ આચર્યાના આક્ષેપ**

# સાબરકાંઠા જિલ્લામાં પ્રમાણિક્તાની આભાનો પરપોટો ફૂટ્યો, ખાતાકીય તપાસથી હલચલ

## સાબરકાંઠામાં ફરજ સમયે થયેલ ખરીદીની તપાસ કરવા માંગ ઉઠી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫
સાબરકાંઠા જિલ્લામાં પ્રમાણિક્તાની આભા ઉભી કરનાર તત્કાલિન જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.મનિષ ફેન્સી સામે બનાસકાંઠામાં રૂા.૨૦ કરોડની કોરોનાકાળમાં ઉંચા ભાવે ખરીદી કરી કૌભાંડ આચર્યું હોવાના ગંભીર આક્ષેપો ઉઠતાં જિલ્લામાં તેમની ફરજ દરમ્યાન આરોગ્ય વિભાગમાં થયેલ ખરીદીની ઉચ્ચ સ્તરીય તપાસ થાય તો મસમોટું કૌભાંડ બહાર આવવાની આશંકા છે. જિલ્લામાંથી બદલી થઈ બનાસકાંઠામાં મૂકાયેલા ડૉ.ફેન્સીએ કોરોનાની મહામારીમાં પોતાના કાર્યકાળ દરમ્યાન સરકારની ગ્રાન્ટમાં પોતાના અંગત માણસોને નફો કરાવવા માટે ૩ થી ૪ ગણા ઉંચા ભાવે સામાન ખરીદી ભ્રષ્ટાચાર આચર્યાના સનસનીખેજ આક્ષેપથી તત્કાલિન અધિકારી સામે ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવતાં બે જિલ્લાના આરોગ્ય વિભાગમાં હલચલ મચી છે.

સરકારના આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા ઉચ્ચ આરોગ્ય અધિકારીઓ માટે કોરોનાનો કપરો કાળ ટંકશાળ સમાન સાબિત થયો છે. માસ્ક, બેગ, હોડીંગ્સ તેમજ અન્ય સરસામાનની ખરીદીમાં કટકી બાજ અધિકારીઓએ લાજશરમ નેવે મૂકી મહામારીમાં પણ તિજોરીઓ ભર્યાના આક્ષેપ ઉઠ્યા છે. સાબરકાંઠા જિલ્લામાં એક સમયે પોતે નખસીખ પ્રમાણિક હોવાની છાપ ઉભી કરવાનો ડૉ.મનિષ ફેન્સીએ ભરપૂર પ્રયાસ કર્યો હતો. જિલ્લામાં તેમની ફરજ દરમ્યાન પણ ગંભીર આક્ષેપો ઉઠ્યા હતા છતાં ચાલાક અધિકારીએ શામ, દામ અને દંડની નીતિ અપનાવી ભ્રષ્ટાચારના આક્ષેપોને દાબી દીધા પરંતુ જિલ્લાફેર બદલી થયા પછી બનાસકાંઠામાં ફરજ દરમ્યાન આ અધિકારીએ ઉંચા ભાવે ચીજવસ્તુઓ ખરીદી મોટો ભ્રષ્ટાચાર આચર્યો હોવાની ફરિયાદ ઉઠ્યા પછી ખાતાકીય તપાસ થતાં તેના તરંગો જિલ્લા સુધી આવી શકે છે. બનાસકાંઠાની ફરજ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા રૂા.૧૦૫ કરોડની ગ્રાન્ટ તેમજ કોવિડની ૧૫ કરોડની આપવામાં આવેલી ગ્રાન્ટમાં અંગત માણસોને ફાયદો કરાવવા માટે ઉંચા ભાવે સામાનની ખરીદી કર્યાના ગંભીર આક્ષેપ થતાં બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાના આરોગ્ય વિભાગમાં હડકંપ મચ્યો છે. બનાસકાંઠામાં ફરજ દરમ્યાન આરોગ્ય અધિકારીએ ગેરરીતી કરી ભ્રષ્ટાચાર આચર્યો હોવાની ઉઠેલી ફરિયાદો બાદ શરૂ થયેલી ખાતાકીય તપાસ બાદ સાબરકાંઠા જિલ્લામાં લંબાવવામાં આવે તો અહીં પણ ધરબાયેલો ભ્રષ્ટાચાર બહાર આવવાની આશંકા ખુદ આરોગ્ય કર્મચારીઓ અંદરખાને વ્યક્ત કરી રહ્યા છે.




**મોડાસાના જીવણપુરમાં "કિસાન સન્માન દિવસ"નો કાર્યક્રમ યોજાયો**

ગુજરાત સરકાર દ્વારા રાજ્ય સરકારના કાર્યકાળના પાંચ વર્ષના સેવાયજ્ઞના ભાગરૂપે સરકારની વિવિધ કામગીરીઓ લોકો સમક્ષ રજૂ કરવા વિવિધ દિવસ નિમિત્તે જુદા-જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ અને ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સંયુક્ત ઉપક્રમે ૫મી ઓગસ્ટ ગુરૂવારના રોજ "કિસાન સન્માન દિવસ"નો કાર્યક્રમ સમગ્ર રાજ્યમાં યોજાયો હતો. જેમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે કચ્છ ખાતેથી "સાત પગલા ખેડૂત કલ્યાણ" યોજનાના સહાય વિતરણ તથા "કિસાન સૂર્યોદય યોજના"નું લોકાર્પણ ઉત્તર ગુજરાતના ૨૫ જેટલા સ્થળોએ કરવામાં આવ્યું હતું.

# હવેથી જે ગ્રામ પંચાયત ઓનલાઈન વ્યવહાર કરશે તેને જ નાણાપંચની ગ્રાન્ટ

## અરવલ્લીની ૬૭૫ ગ્રામ પંચાયતમાં નવી ગાઈડલાઈનની અમલવારી : નાણાકીય વ્યવહારો ઓનલાઈન થતાં ભ્રષ્ટાચાર ઘટશે..??

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫
ગ્રામ પંચાયતો દ્વારા થતા વિકાસના કામોમાં ભ્રષ્ટાચારના આક્ષેપો કાયમી બન્યા છે. નાણાકીય વ્યવહારોમાં થતી ગેરરીતી અટકાવવા માટે રાજ્ય સરકાર દ્વારા હવે ગ્રામ પંચાયતોમાં ઓનલાઈન વ્યવહાર અમલમાં મૂક્યા છે. જે ગ્રામ પંચાયતો ઓનલાઈન વ્યવહાર કરશે તેને જ નાણાપંચની ગ્રાન્ટ આપવાનું જાહેર કરાતાં અરવલ્લી જિલ્લાની ૬૭૫ ગ્રામ પંચાયતોમાં તેની અમલવારી કરવામાં આવી છે. ઓનલાઈન વ્યવહારો શરૂ થતાં ગ્રામ પંચાયતના વિકાસના કામોમાં આચરવામાં આવતો ભ્રષ્ટાચાર ઘટશે કે કેમ..?? તે હાલ કહેવું અનુચિત છે પરંતુ પંચાયતો દ્વારા નાણાકીય વ્યવહારો માટે તૈયારીઓ શરૂ કરી છે.

જિલ્લાની ગ્રામ પંચાયતોમાં કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવતી નાણાપંચની નવી ગાઈડલાઈનનો અમલ કરવા માટે સૂચના આપવામાં આવી છે જેના કારણે અસંખ્ય ગ્રામ પંચાયતોમાં વર્ષોથી ચાલતા પરંપરાગત નાણાકીય વ્યવહારો બંધ કરી ઓનલાઈન વ્યવહાર ફરજીયાત કરવા પડે તેમ છે. ૧૫મા નાણાપંચની ગ્રાન્ટના કામ માટે જે ગ્રામ પંચાયતોએ ઓનલાઈન વ્યવહાર કર્યા હોય તેમને જ ગ્રાન્ટની ફાળવણી કરવા માટે સરકારે નિયમ બનાવી દીધો છે. કેટલીક ગ્રામ પંચાયતોમાં અગાઉ પંચાયતના સરપંચથી લઈ મળતિયાઓ દ્વારા નાણાપંચના કામોમાં ગેરરીતી આચરવામાં આવતી હોવાની ઢગલાબંધ ફરિયાદો ઉઠતી હતી જેમાં મોટાભાગે ગ્રામ પંચાયતના જ કોઈ સરપંચ-તલાટીની આડકતરી મીલીભગત બહાર આવતી હતી પરંતુ હવે ઓનલાઈન વ્યવહારોના કારણે આ પ્રકારની ગેરરીતીઓ ઉપર અંકુશ આવવાની સંભાવના છે. અરવલ્લી જિલ્લાના બાયડ, મોડાસા, ધનસુરા, માલપુર, મેઘરજ અને ભિલોડા તાલુકાની કુલ-૬૭૫ ગ્રામ પંચાયતોમાં હવે સરપંચ અને તલાટીઓને મને કમને નાણાપંચની ગ્રાન્ટ માટે ઓનલાઈન વ્યવહારો કરવાની ફરજ પડી છે. ટૂંકમાં ગામડાઓમાં વહીવટકર્તા અંગૂઠાછાપ સરપંચોએ પણ હવે ટેકનોસેવી બનવું પડશે તે નક્કી છે. ગ્રામ પંચાયતોમાં ગટરલાઈન, રોડ, અન્ય બાંધકામ સહિતના કામોના બીલ મૂકવામાં આવતાં હોય છે જેમાં અમૂક રકમ ઉપરના બીલમાં ફરજીયાત ટીન નંબર જનરેટ થશે એ સાથે ટીન ઉપર ઉપરથી ટેક્સ ક્રેડીટ અથવા તો માલસામાન ખરીદી કરેલ હોય તે પેઢી, કંપનીના બીલનો ટીન નંબર સાથે જ જનરેટ થવાના કારણે ટેક્ષ કાપી જી.એસ.ટી. ચોરી કરવાનો પ્રયાસ થશે તો તે પકડાઈ જવાની સંભાવના છે.

# બામણવાડ દૂધ મંડળીમાં નવનિર્મિત ગોડાઉનનું ઉદ્ઘાટન

## અમૂલ ફેડરેશનના ચેરમેનની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫
મોડાસા તાલુકાના બામણવાડમાં દૂધ મંડળી દ્વારા નવનિર્મિત ગોડાઉનનું ઉદ્ઘાટન, પાડી-વાછરડી ઉછેર કાર્યક્રમ તેમજ ઉપસ્થિતિમાં ત્રિવિધ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

પ્રાપ્ત જાણકારી મુજબ ધી બામણવાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી ખાતે તા.૫ના રોજ ગોડાઉન ભગાભાઈ પટેલ, સંઘના અધિકારી ડૉ.કે.આર. પટેલ, એમ.પી.ઓ. ડૉ.જે. કે. પટેલ, ડૉ.એન.એ.પટેલ, ઈન્ચાર્જ શામળાજી એમ.પી.ઓ.




વૃક્ષારોપણ કાર્યક્રમ અમૂલ ફેડરેશન, સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. આ પ્રસંગે ડિરેક્ટરો તેમજ સહકારી આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સ્થાનિક દૂધ મંડળીના પ્રયત્નોથી સહકારી સંસ્થા ઉત્તરોત્તર વિકાસના પંથે આગળ વધતાં દૂધ ઉત્પાદકોને વિશેષ ઉદ્ઘાટન સહિતના કાર્યક્રમો આયોજીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે અમૂલ ફેડરેશન, તેમજ સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલ, વાઈસ ચેરમેન જ્યંતિભાઈ પટેલ, ડિરેક્ટર ભીખુસિંહ પરમાર, જેસીંગભાઈ પટેલ, સચિનભાઈ પટેલ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ડિરેક્ટર હેમંતભાઈ પટેલ, દૂધ મંડળીના ચેરમેન દયાળજીભાઈ પટેલ, સરપંચ વાલજીભાઈ વણકર, ડૉ.એસ.જી.પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. દૂધ મંડળીના ચેરમેન તેમજ શામળાજી એમ.પી.ઓ. સહિત વેટેનરી વિભાગના કર્મચારીઓ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ગાંભોઈના સોફ્ટવેર ઈજનેરના બેન્ક ખાતામાંથી રૂા.૮૫,૦૦૦ની ઓનલાઈન ઉઠાંતરી

## ફીજીકલી એ.ટી.એમ. કાર્ડ સ્વાઈપ કરી રોકડ ઉસેડી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫
હિંમતનગરના ગાંભોઈમાં સોફ્ટવેર પ્રોગ્રામર પ્રિયંક ભીખાભાઈ પટેલના આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક અમદાવાદના ખાતામાંથી ઓનલાઈન ગઠીયાએ એ.ટી.એમ. કાર્ડ ફીજીકલી સ્વાઈપ કરી બેન્ક ખાતામાંથી રૂા.૮૪,૯૦૦ની રકમ ઉસેડી લેતાં પોલીસ ફરિયાદ થઈ છે. એ.ટી.એમ. કાર્ડ પોતાની પાસે હોવાની સાથે કોઈને પણ ઓ.ટી.પી. નંબર આપ્યો ન હોવા છતાં ખાતામાંથી રોકડ રકમ ઉપડી જતાં ખુદ સોફ્ટવેર પ્રોગ્રામર ચોંકી ઉઠ્યા છે. બનાવ અંગે ગાંભોઈ પોલીસે તપાસ કરતાં ઉત્તર પ્રદેશના મેરઠમાંથી કોઈ ગઠીયાએ કરામત કર્યાની વિગતો સામે આવી છે.

ઓનલાઈન છેતરપીંડીના બનાવ સતત વધી રહ્યા છે. સાયબર ક્રાઈમનો ગ્રાફ ઉંચકાતાં હવે નવાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન શરૂ કરવામાં આવ્યા પછી પણ છેતરપીંડીના બનાવ અટકવાનું નામ લેતા નથી. હિંમતનગર તાલુકાના ગાંભોઈના પ્રિયંક પટેલ અમદાવાદમાં પોતે સોફ્ટવેર પ્રોગ્રામરની જોબ કરી રહ્યા છે. તા.૩ ના રોજ તેઓ ગાંભોઈના તેમના ઘરે હતા જે સમયે તેમના બેન્ક ખાતામાંથી રોકડ રકમ ઉપડી હોવાનો મેસેજ આવતાં ચોંકી ઉઠ્યા હતા.

કોઈ ગઠીયાએ ઓનલાઈન પૈસા ઉપાડી લીધાનું જણાતાં તાબડતોબ બેન્કના જવાબદારોને બેન્ક ખાતું બંધ કરવાની જાણ કરવામાં આવી હતી પરંતુ ઉત્તરપ્રદેશના મેરઠમાંથી સાયબર ગઠીયાએ રૂા.૮૪,૯૦૦ની રોકડ રકમ ઉપાડી લીધી હતી. સામાન્ય રીતે મોબાઈલ ફોન ઉપર વાત કરી ઓ.ટી.પી. નંબર માગવામાં આવતો હોય છે. જેમાં પોતે બેન્કમાંથી મેનેજર બોલે છે તેવી વાતમાં બેન્કના ગ્રાહકોને ભરમાવી ચાલાકીપૂર્વક રોકડ રકમ ઉઠાવી લેવાતી હોય છે પરંતુ આ કિસ્સામાં કોઈપણ પ્રકારનો ઓ.ટી.પી. નંબર કે એ.ટી.એમ. કાર્ડની વિગત મેળવ્યા વગર ગઠીયાએ એ.ટી.એમ. કાર્ડ ફીજીકલી સ્વાઈપ કરી છેતરપીંડી આચરી હોવાનું બહાર આવ્યું છે.

# ગણપત યુનિવર્સિટીમાં વેબિનારનું આયોજન

ગાંધીનગર, તા. ૫
ગણપત યુનિવર્સિટી ફેકલ્ટી ઓફ ફાર્મસીના સેન્ટર ફોર હેલ્થ એન્ડ એલાઈડ સાયન્સિસ દ્વારા ઓનલાઈન વેબિનાર યોજાયો હતો જેનો વિષય "એનાલિટિકલ કેમિસ્ટ કેરિઅર પ્રોસ્પેક્ટ્સ" હતો. આ વેબિનારમાં દેશભરમાંથી વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો, અભ્યાસુ, સંશોધકો જોડાયા હતા. ડૉ. સંજય એસ. શાહ (આચાર્ય) અને ડૉ. એસ.એસ. પંચોલી (પ્રોફેસર)એ નિષ્ણાંત તરીકે વ્યાખ્યાનો આપ્યા હતા. આ વેબિનારનું સંચાલન સતીષ એ. પટેલ (ફાર્મસી કોલેજના પ્રોફેસર), પ્રો. પરેશ યુ. પટેલ દ્વારા કરાયું હતું.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

# જિલ્લાના હાઈવે માર્ગો ઉપર જીવતા બોમ્બની જેમ દોડતાં ઝેરી કેમીકલ-ગેસ ભરેલાં ટેન્કર

## સી.એન.જી. ગેસ લીકેજની ઘટના ઉપરથી તંત્રએ શું બોધ લીધો..?? ચર્ચાતો સવાલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫
સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના હાઈવે માર્ગો ઉપર છેલ્લા ઘણા સમયથી જીવતા બોમ્બની જેમ ઝેરી કેમીકલ અને ગેસ ભરેલાં ટેન્કર રાત-દિવસ દોડી રહ્યાં છે. દૈનિક ૧૦૦ થી પણ વધુ જોખમી ટેન્કરો હાઈવે માર્ગ ઉપરથી પસાર થતાં હોવાથી ગમે તે ઘડીએ સામાન્ય ચૂકમાં મોટી ખુંવારી થવાની સંભાવના છે. ગત રોજ મોડાસા-શામળાજી હાઈવે માર્ગ ઉપર ટેન્કરમાંથી સી.એન.જી. ગેસ લીકેજ થતાં અફરા તફરીનો માહોલ ઉભો થયો હતો. પોલીસે વાહન વ્યવહાર અટકાવી દુર્ઘટના સ્થળ ઉપર અવર જવર ઉપર પ્રતિબંધ લગાવ્યો પરંતુ આ ઘટના પછી હવે ફરીથી ટેન્કરમાંથી ઝેરી કેમીકલ કે ગેસ લીકેજ થશે તો શું..?? તે ચર્ચાનો વિષય બન્યો છે. જવાબદાર તંત્રએ સી.એન.જી. ગેસ લીકેજ થવાની ઘટના ઉપરથી શું બોધપાઠ લીધો તેનું મનોમંથન પ્રજા કરી રહી છે.

વાહનોની રોજની અવર જવરથી ધમધમતા હિંમતનગર-શામળાજી ફોરલેન હાઈવે, શામળાજી-મોડાસા-બાયડ-કપડવંજ હાઈવે, મોડાસા-ધનસુરા-અમદાવાદ હાઈવે, મોડાસા-માલપુર-ગોધરા હાઈવે સહિતના માર્ગો ઉપર ભારવાહક વાહનોની સાથે ટેન્કરોની સંખ્યામાં દિવસે..દિવસે વધારો થઈ રહ્યો છે. તેમાંય રાજસ્થાન, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ સહિતના વિસ્તારોમાં ઔદ્યોગિક એકમોમાં ઝેરી કેમીકલ તેમજ માનવ આરોગ્ય માટે જોખમી ગેસ ભરીને જતાં ટેન્કરો ઉપરોક્ત હાઈવે માર્ગ ઉપરથી પસાર થતાં હોય છે. ટેન્કરોમાં ગેસ કે કેમીકલ લીકેજ થાય તો મોટી દુર્ઘટનાની ભીતી તોડાતી હોવા છતાં આવી દુર્ઘટનાઓને પહોંચી વળવા માટે હાઈવે માર્ગ ઉપર ઈમરજન્સીમાં મદદની કોઈ વ્યવસ્થા જ નથી. જીવતા બોમ્બની જેમ ગેસ તેમજ કેમીકલ ભરેલાં વાહનો દોડતાં હોવા છતાં તંત્રએ સંભવિત દુર્ઘટનાને પહોંચી વળવા માટે કોઈ બોધ લીધો ન હોય તેવું ગત રોજની દુર્ઘટના ઉપરથી લાગી રહ્યું છે. મોડાસા-શામળાજી હાઈવે માર્ગ ઉપર ટેન્કરમાંથી સી.એન.જી. ગેસ લીકેજ થતાં ભયનો માહોલ ઉભો થયો હતો. તંત્ર પાસે ગેસ લીકેજ અટકાવી શકે તેવા નિષ્ણાતનો અભાવ હોય તેમ માત્ર વાહનોની અવર જવર બંધ કરી ટેન્કરમાંથી સંપૂર્ણ ગેસ સમાપ્ત થાય તેની રાહ જોવામાં આવી ટૂંકમાં ગેસના બદલે અન્ય ઝેરી ગેસ કે કેમીકલ લીકેજ થયું હોત તો કેવી ખુમારી થાત..?? તેની કલ્પનાથી પણ ફફડી જવાય છે. ત્યારે તંત્રએ ગંભીર ગણાતી આ દુર્ઘટના ઉપરથી કોઈ શીખ લીધી કે કેમ..?? તે કહેવું મુશ્કેલ છે.